## રજાપ્રવાસરાહતની સવલત

ગુજરાત સરકાર, નાણાં વિભાગ, ઠરાવક્રમાંક : મસભ-102006-1699-ચ
સચિવાલય, ગાંધીનગર, તા. 6-1-2007

*વંચાણે લીધા :*

*(1) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : મસભ-102001-368-ચ, તા. 1-5-2001.*

*(2) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : મસભ-102001-368-ચ, તા. 18-8-2003.*

*(3) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : મસભ-102001-યુ.ઓ.1268-ચ, તા. 6-12-2003.*

*(4) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : મસભ-102004-657-ચ, તા. 17-8-2004.*

*(5) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : મસભ-102004-657-ચ, તા. 26-8-2005.*

**ઠરાવ :**

ઉપર વંચાણમાં દર્શાવેલ ક્રમાંક : (1), (2), (3), (4) અને (5)ના ઠરાવો અન્વયે, રાજ્યના કર્મચારીઓને રજાપ્રવાસરાહત / વતનપ્રવાસરાહતની સવલત, તેમાં દશાવેલ શરતોને આધીન છેલ્લે તા. 31-8-2006 સુધી મોકૂફ રાખવામાં આવેલ. ત્યારબાદ વંચાણમાં લીધેલ તા. 26-8-2005ના ઠરાવથી તા. 31-12-2006 સુધીની મુદત દરમ્યાન સરકારી સેવામાંથી વયનિવૃત્ત થનાર કર્મચારીઓ કે જેઓએ ઉક્ત હુકમોની રવાનગી અગાઉ રજાપ્રવ...રાહત બ્લૉકવર્ષ 2000-2003 નો લાભ લીધેલ ન હોય તેમને રજાપ્રવાસરાહત / વતનપ્રવાસરાહત મોકૂફીના હુકમોમાંથી મુક્તિ આપવામાં આવેલ હતી.

તા. 31-12-2006 પછી સેવામાંથી વયનિવૃત્ત થનાર કર્મચારીઓને રજાપ્રવાસરાહતનો લાભ મંજૂર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે આથી ઠરાવવામાં આવે છે કે –

(1) રજાપ્રવાસરાહત / વતનપ્રવાસરાહતની સવલત તા. 31-8-2007 સુધી મોકૂફ રાખવાનું ઠરાવવામાં આવે છે. (તા. 31-12-2007 સુધી નિવૃત્ત થનાર માટે)

(2) તા. 31-12-2007 સુધીની મુદત દરમ્યાન સેવામાંથી વયનિવૃત્ત થતા કર્મચારીઓને રજાપ્રવાસ- રાહત બ્લૉકવર્ષ 2004-2007 નો લાભ મંજૂર કરી શકાશે.

(3) રજાપ્રવાસરાહત અંગેની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, એચ. ડી. સેઈલર
ઉપસચિવ, નાણાં વિભાગ